# વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત એક્ષટેન્શન એક્ટીવીટી સેલ દ્વારા" ભારત સરકારના ઉચ્ચ શિક્ષણ કચેરીના ક્રમાંક.ઉશિક/મકમ/વિશ્વ પર્યાવરણ દિન/4487-5000/2024 તા.04/06/2024 ના પત્ર અન્વયે તા.05/06/2024ના રોજ વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં માન. કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના પરિસર ખાતે વૃક્ષારોપણનું આયોજન કરેલ. જેમાં યુનિવર્સિટીના તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા સત્તા મંડળના સભ્યો દ્વારા યુનિવર્સીટી પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું.સૌએ અલગ-અલગ જગ્યાએ વૃક્ષારોપણ કરેલ. માન. કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજી દ્વારા દરેક કર્મચારી વૃક્ષોને દત્તક લઈ તેમનું જતન કરવા માટેની પહેલ લેવા જણાવ્યું. આ ઉપરાંત યુનિવર્સીટીના પીંપળ વન અને વૈદિક ઉપવનની વધુ માવજત તથા બીજા આવા વન તૈયાર કરવાનું સૂચવ્યું.આ ઉપરાંત યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો પર પણ વૃક્ષારોપણ કરવામાં આવેલ.


























